TOPIC ____________________ DATE ________



Name :- Sumra Tajkira A.
Roll No :- 233
Sub :- COC - PSY . Assignment.
Date :- 3rd December 2025

* શૈક્ષણિક મનોવિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિઓ તરીકે મુલાકાત અને પ્રશ્નાવલી પદ્ધતિને સવિસ્તાર વર્ણવો.

પ્રસ્તાવના :-

શૈક્ષણિક મનોવિજ્ઞાન માનવ વર્તને શિક્ષણની પરિસ્થિતિમાં અભ્યાસવા, સમજવા અને સુધારવા માટેનું વિજ્ઞાન છે. શિક્ષણ પ્રક્રિયામાં વિદ્યાર્થીની બુદ્ધિ, અભિરુચિ, ભાવના, પ્રેરણા, વલણ અભ્યાસની આદતો તથા વ્યક્તિગત તફાવતોને સમજવુ અત્યંત જરૂરી બને છે. આ તમામ બાબતોને વૈજ્ઞાનિક અભ્યાસ કરવા માટે મનોવિજ્ઞાન દ્વારા વિવિધ અભ્યાસ પદ્ધતિઓ વિકસાવવામાં આવી છે.

આ પદ્ધતિઓ દ્વારા વ્યક્તિનાં આંતરિક વિચારો, ભાવનાઓ અને વર્તન વિશે વિશ્વસનીય માહિતિ મેળવવામાં આવે છે. શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં ખાસ કરીને મુલાકાત પદ્ધતિ અને પ્રશ્નાવલી પદ્ધતિનો વ્યાપક ઉપયોગ થાય છે, કારણ કે આ પદ્ધતિઓ દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય સંબંધિત વ્યક્તિઓ પાસેથી સીધી અને અસરકારક માહિતિ મેળવી શકાય છે. વ્યક્તિના અનુભવો, અભિપ્રાયો અને સમસ્યાઓને સમજવા માટે બંને પદ્ધતિઓ અત્યંત ઉપયોગી સાબિત થાય છે.

## 1) મુલાકાત પદ્ધતિ (Interview method) :-

**અર્થ :-**

મુલાકાત પદ્ધતિમાં સંશોધક (શિક્ષક / મનોવિજ્ઞાની) વ્યક્તિ સાથે પ્રત્યક્ષ વાતચીત કરીને માહિતી મેળવે છે. આ પદ્ધતિ દ્વારા વ્યક્તિના વિચારો, લાગણીઓ, અનુભવ અને સમસ્યાઓને ઊંડાણપૂર્વક સમજવામાં આવે છે.

**લક્ષણો :**

- સામસામે વાતચીત દ્વારા માહિતી મેળવે છે.
- પ્રશ્નો પૂર્વનિર્ધારિત અથવા તાત્કાલિક
- મૌખિક જવાબો પર આધારિત પદ્ધતિ

**પ્રકારો :**

1. રચિત મુલાકાત - પ્રશ્નો અગાઉથી નક્કી કરેલા
2. અરચિત મુલાકાત - સ્વાભાવિક રીતે પ્રશ્નો પૂછવામાં આવે
3. અર્ધરચિત મુલાકાત - થોડા પ્રશ્નો નક્કી, થોડા સ્વતંત્ર
4. વ્યક્તિગત મુલાકાત
5. સમૂહ મુલાકાત

**લાભો :**

- ઊંડાણપૂર્વક અને સ્પષ્ટ માહિતી મળે
- ભાવનાત્મક અને વ્યક્તિગત મુદ્દાઓની સમજ.
- અશિક્ષિત વ્યક્તિ પાસેથી પણ માહિતી મળે.

## મર્યાદાઓ :

- સમય અને ખર્ચ વધુ
- વાસ્તવિકની પૂર્વગ્રહતા અસર કરી શકે
- મોટા નમૂનામાં મુશ્કેલ

→ મુલાકાત પદ્ધતિ એક એવી પદ્ધતિ છે જેમાં બાળકોના આયુગોમાં રહેલા હાવ ભાવ બોલવાની રીતો વગેરેનું નિરીક્ષણ કરી મુલાકાત કરતા અને. → માનવું છે કે મુલાકાત દ્વારા ખાસ કરીને સ્વરચિત મુલાકાત દ્વારા બાળકો અને શૈક્ષણિક સમસ્યાઓ વિશે જે સૂચના પ્રાપ્ત થાય છે તેમાં જેટલી વધુ વિશ્વસનીયતા હોય છે તેટલી જ વિશ્વસનીયતા અન્ય પદ્ધતિ જેવી કે પ્રશ્નાવલી પદ્ધતિથી પ્રાપ્ત કરવામાં આવતી નથી.

* શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં બે પ્રકારની મુલાકાત નો ઉપયોગ કરવામાં આવે છે.

- સંરચિત મુલાકાત
- અસંરચિત મુલાકાત

→ સંરચિત મુલાકાતમાં શૈક્ષણિક મનોવૈજ્ઞાનિક પહેલેથી એવું નક્કી કરી લે છે. કે જે વિદ્યાર્થીઓમાંથી તેઓ કયા કયા પ્રશ્નો પૂછશે પ્રશ્નો પૂછવાનો ક્રમ શું હશે સામાન્ય રીતના જે ક્રમ નિશ્ચિત કરવામાં આવે છે. તે જ ક્રમમાં દરેક બાળકો કે વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછવામાં આવે છે જણાવવામાં આવ્યો છે કે આ પ્રકારની મુલાકાતમાં આત્મલક્ષીતા વધુ હોય છે સાથે સાથે તે ક્રમમાં બાધા પડી વધુ હોય છે.

→ અમર્યાદિત મુલાકાત એ મુલાકાત ને કહેવામાં આવે છે જેમાં મુલાકાત કરતા પ્રશ્નો સ્વરૂપ પોતાના મનથી જ નિર્ધારિત કરે છે. તે દરેક બાળકોને કોઈ એક નિશ્ચિત ક્રમમાં પ્રશ્ન નથી પૂછતો કેટલાક બાળકોને એક એવા પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવે છે તો કેટલાક અન્ય બાળકોને અન્ય પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવે છે અને આપવામાં આવેલા જવાબનું વિશ્લેષણ કરી મુલાકાત કરતા બાળકોની આદતો અને મનોવલણો અને અન્ય સદ્ગુણો વિશે નિષ્કર્ષ પર પહોંચે છે.

મુલાકાત પદ્ધતિ એક સામાન્ય મર્યાદા એ પણ ગણાવવામાં આવી છે કે ફક્ત થોડીક મિનિટ સુધી જ બાળકને પ્રશ્ન પૂછી તથા તેના દ્વારા આપેલા જવાબથી દેખાડવામાં આવેલા આદતોની શ્રેણી અને એક તટસ્થ નિષ્કર્ષ પર પહોંચવું એ પણ યોગ્ય વૈજ્ઞાનિક પગલું માની ન શકાય.

## 2. પ્રશ્નાવલી પદ્ધતિ (Question method)

પ્રશ્નાવલી પદ્ધતિ શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં એક મુખ્ય પદ્ધતિ છે. આ પદ્ધતિમાં પ્રશ્નોની એક લાંબી યાદી તૈયાર કરવામાં આવે છે જેને પ્રશ્નાવલી પદ્ધતિ કહેવામાં આવે છે. બાળકો તથા વિદ્યાર્થીઓને પ્રશ્નાવલી આપવામાં આવે છે જેમાં પ્રશ્ન તેનો જવાબ હા ના અથવા સાચું ખોટું હોય છે પણ છાપેલા હોય છે. બાળક એવા પ્રશ્નોને એક એક કરીને વાંચે છે અને પોતાના મતે જ જે ઉત્તર શ્રેણીમાં સાચી સમજે છે તેના ઉપર ચીન કરે છે

→ પ્રશ્નાવલી પદ્ધતિના જુદા જુદા પ્રકારો આપવામાં આવ્યા છે:

• **પ્રકારો :~**

→ ખુલ્લી સ્વરૂપની પ્રશ્નાવલી
→ બંધ સ્વરૂપની પ્રશ્નાવલી
→ મિશ્ર પ્રકારની પ્રશ્નાવલી
→ ચિત્રાત્મક પ્રશ્નાવલી
→ સ્કેલ આધારિત પ્રશ્નાવલી
→ રેટિંગ સ્કેલ આધારિત પ્રશ્નાવલી
→ અભિગમ આધારિત પ્રશ્નાવલી

## 1. ખુલ્લી પ્રકારની પ્રશ્નાવલી

→ ખુલ્લી સ્વરૂપની પ્રશ્નાવલી એવા પ્રકારની પ્રશ્નાવલીને કહેવામાં આવે છે કે જેમાં પ્રશ્નોના જવાબ કોઈ નિશ્ચિત સ્વરૂપમાં આપવામાં આવેલા શબ્દ જેવા કે હા ના હોય નથી આપી શકાતું પરંતુ તેનો જવાબ સામાન્ય રીતના એક કે બે લીટી ની લખી અને બાળકોને આપવાના હોય છે.

## 2. બંધ સ્વરૂપની પ્રશ્નાવલી

→ બંધ સ્વરૂપની પ્રશ્નાવલી એવી પ્રશ્નાવલીને કહેવામાં આવે છે કે જેમાં પ્રશ્નોના જવાબ આપવામાં આવેલા જવાબો જેવા કે હ આપવામાં આવેલા જવાબો જેવા કે હા ના અથવા સાચું ખોટું માંથી કોઈ એકની પસંદગી કરી અને બાળકે આપવાના હોય છે આ પ્રકારની પ્રશ્નાવલીને બંધ સ્વરૂપની પ્રશ્નાવલી કહેવામાં આવે છે.